ગાંધીનગર સમાચાર

# વસુંધરા રાજેનું મુખ્યમંત્રીપદ જોખમમાં



## આજે અમિત શાહ અને રાજનાથસિંહ સાથે બેઠક : વસુંધરાને લલિત મોદી વિવાદ બાદ ભારે કિંમત ચુકવવી પડે તેવા સંકેત : રાજસ્થાન ભાજપના નેતાઓ હજુ સાથે

જયપુર, તા.૧૮


રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે ઉપર સંકટના વાદળ ઘેરાઈ ગયા છે. લલિત મોદી વિવાદમાં તેમનું નામ સપાટી ઉપર આવ્યા બાદ વસુંધરા રાજેને મુખ્યમંત્રીપદની ખુરશી ગુમાવવી પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વસુંધરા રાજે ભાજપ પ્રમુખ અમિત શાહ સાથે વાતચીત કરનાર છે. મળેલી માહિતી મુજબ વસુંધરારાજે આવતીકાલે શુક્રવારે આનંદપુર સાહીબમાં પાર્ટી પ્રમુખ અમિત શાહ અને કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને મળશે અને આ વાતચીત દરમિયાન વસુંધરા રાજે પોતાનું વલણ સ્પષ્ટ કરશે ત્યારબાદ ચિત્ર સ્પષ્ટ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ વસુંધરા રાજેને લલિત મોદી વિવાદના મામલામાં ભારે કિંમત ચુકવવી પડી શકે છે. ભાજપ વસુંધરા રાજેના મામલાને સુષ્મા સ્વરાજના મામલા કરતા અલગરીતે જોઈ રહી છે. બીજી બાજુ ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓ વસુંધરાની તરફેણ કરી રહ્યા છે. વસુંધરા રાજે ઉપર રાજીનામાનું દબાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે પરંતુ પ્રદેશ ભાજપમાં મોટાભાગના લોકો વસુંધરાની તરફેણમાં દેખાઈ રહ્યા છે. વિવાદની વચ્ચે રાજસ્થાનના આરોગ્યમંત્રી રાજેન્દ્રસિંહ રાઠોડે કહ્યું છે કે, વસુંધરાના રાજીનામાની માંગણી બિલકુલ આધારવગરની છે. ભાજપ, વિધાનસભા પક્ષના તમામ નેતાઓ, ધારાસભ્યો રાજેની તરફેણમાં છે. લલિત મોદી કાંડમાં વિરોધ પક્ષના વિરોધ પ્રદર્શન વચ્ચે ભાજપના રાજસ્થાન પ્રદેશ અધ્યક્ષનું કહેવું છે કે, જે પણ લેવડદેવડ થઈ છે તે લલિત મોદી અને વસુંધરાના પુત્ર દુષ્યંતની કંપની વચ્ચે થઈ છે જેથી આમા જવાબ પણ દુષ્યંત જ આપશે. સ્પષ્ટપણે વસુંધરાનો બચાવ કરવાથી પાર્ટીએ પોતાને અલગ કરી લેતા નવી સમસ્યા સર્જાઈ ગઈ છે.

વસુંધરાએ અમિત શાહ પાસે સમય માંગી લીધો છે. અત્રે નોંધનીય છે કે, લલિત મોદીએ વસુંધરા રાજેને પોતાની જુની પારિવારીક મિત્ર તરીકે ગણાવી હતી અને કહ્યું હતું કે, વસુંધરાએ હંમેશા સાથ આપ્યો છે. દુષ્યંત સાથે પણ મોદીના સબંધ રહ્યા છે.

# ઈમરજન્સી ફરી લાગૂ થઈ શકે : અડવાણી

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સત્તામાં છે ત્યારે પીઢ નેતા એલકે અડવાણીએ ફરી એકવાર વિવાદાસ્પદ અને



ચર્ચાસ્પદ નિવેદન કરીને સરકારની મુશ્કેલી વધારી દીધી છે. સાથે સાથે ભાજપ સરકાર સામે પરોક્ષરીતે પ્રશ્નો ઉઠાવ્યા છે. અડવાણીએ આજે એમ કહીને ભાજપની ચિંતા વધારી હતી કે, ભવિષ્યમાં ઈમરજન્સી જેવી પરિસ્થિતિને નકારી શકાય નહીં. એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં ભાજપના વરિષ્ઠ નેતાએ આ મુજબના સૂચન કર્યા છે. અડવાણીએ આ સૂચન પણ એવા સમયે કર્યા છે જ્યારે ૨૫મી જૂન ૧૯૭૫ના દિવસે ઈમરજન્સી લાદવાની ૪૦મી વરસી આડે ગણતરીના દિવસો રહી ગયા છે. અડવાણી અને નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધો વર્ષોથી ખટાસ વાળા રહ્યા છે. તે બાબતથી તમામ લોકો વાકેફ રહ્યા છે. આવા સમયમાં અડવાણીએ પરોક્ષ ટીકા મોદીની કરી હોવાના અહેવાલ મળ્યા છે. અડવાણીએ કહ્યું છે કે, હાલમાં બંધારણીય કાયદાકીય માળખા મજબૂત હોવા છતાં ફોર્સ લોકશાહીને કચડી શકે તેવી સ્થિતિ રહેલી છે. અડવાણીએ આ નિવેદન કરીને ફરીવાર મુશ્કેલી સર્જી દીધી છે. તેમણે કહ્યું છે કે, દેશની રાજકીય વ્યવસ્થા ૧૯૭૫ના ઈમરજન્સી જેવી સ્થિતિમાં સંપૂર્ણપણે બહાર આવી નથી. ૧૯૭૫-૭૭ના ગાળા દરમિયાન ઈમરજન્સી લાદવામાં આવ્યા બાદથી એવું કોઈ કામ થયું નથી જેનાથી તેમને એવી ખાતરી મળી શકે કે લોકશાહીને ફરીવાર સસ્પેન્ડ કરવામાં આવશે નહીં અને તેને તોડી પાડવામાં આવશે નહીં. અડવાણીએ એમ પણ કહ્યું હતું કે, આ બાબત સરળ નથી પરંતુ આ બાબત બને તે બિલકુલ અયોગ્ય છે. અડવાણીનું કહેવું છે કે, આવી સ્થિતિ ફરીવાર કેમ ઉભી થઈ શકે છે તે અંગેના કોઈ કારણ આપવાનો ઈન્કાર કર્યો હતો. લોકશાહી પ્રત્યે પ્રતિબદ્ધતા અને લોકશાહી પ્રત્યે સંબંધિત તમામ પાસા હજુ પણ પુરતા દેખાઈ રહ્યા નથી. અડવાણીએ કહ્યું હતું કે, ભારતીય રાજકીય લીડરશીપ અપરિપક્વ છે તેમ તેઓ કહી રહ્યા નથી પરંતુ નબળાઈઓ રહેલી છે. રાજકીય વ્યવસ્થાને તેઓ વિશ્વાસ કરી શકતા નથી. તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં ઈમરજન્સી લાદી દીધી હતી. બંધારણીય વ્યવસ્થા યોગ્ય હોવા છતાં ઈમરજન્સી લાદવામાં આવી હતી. તેમણે ભારપૂર્વક કહ્યું છે કે, ૨૦૧૫માં પણ ભારતમાં પુરતા સેફગાર્ડ દેખાઈ રહ્યા નથી.

## ઈમરજન્સીની દહેશત અંગે અડવાણીને નીતિશનો ટેકો

પટણા,તા. ૧૮

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે ભાજપના પીઢ નેતા એલકે અડવાણી દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ઈમરજન્સીની દહેશતને ખુલ્લો ટેકો આપ્યો હતો અને કહ્યું હતું કે, બિહાર રોજના આધાર પર આ પ્રકારની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. નીતિશકુમારે કહ્યું હતું કે, અડવાણી ભાજપના સૌથી વરિષ્ઠ નેતા છે અને તેમની ચિંતાને ગંભીરતાપૂર્વક લેવી જોઈએ જ્યાં સુધી ઈમરજન્સી જેવી સ્થિતિની વાત છે બિહારમાં દરરોજ આ પ્રકારની સ્થિતિ છે. નીતિશકુમારે કહ્યું હતું કે, અડવાણીની દહેશત બિલકુલ વાજબી દેખાઈ રહી છે. જો કે, નીતિશકુમારે રાજ્યમાં આ પ્રકારની સ્થિતિ કેમ છે તે અંગે કોઈ વધારે વાત કરી ન હતી. નીતિશકુમારે કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી દરમિયાન કયા પ્રકારના વચનો આપવામાં આવ્યા હતા અને ભાજપ સત્તામાં આવ્યા બાદ કેવા પગલા લેવામાં આવી રહ્યા છે. સરકારને સત્તામાં એક વર્ષનો ગાળો થયો છે. આ ગાળા દરમિયાન કોઈ કૌભાંડો સપાટી ઉપર આવ્યા નથી પરંતુ ઘણા બધા કૌભાંડો આવવાની શરૂઆત થઈ ચુકી છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજને આવરી લેતા વિવાદની નીતિશકુમારે વાત કરી હતી. સુષ્મા સ્વરાજે મની લોન્ડરીંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વોન્ટેડ ફરાર આરોપી અને આઈપીએલના પૂર્વ ચેરમેન લલિત મોદીની મદદ કરી હતી. નીતિશે કહ્યું હતું કે, આ માનવતાવાદીના બદલે તરફેણવાદનો કેસ થયેલો છે.

બિહારના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, મૌનને સ્વીકારી શકાય છે. મોદી હાલમાં આ મુદ્દે મૌન બનેલા છે. દેશના લોકો તરફેણવાદની નીતિને જોઈ રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો સામનો કરવા કેવી નીતિ અપનાવશે તે અંગે પૂછવામાં આવતા નીતિશે કહ્યું હતું કે, રાજ્યમાં કોઈપણ જગ્યાએ ભાજપ નથી જેથી કોઈપણ લડાઈ નથી.

## માત્ર ચાર સપ્તાહમાં એઆઈપીએમટી યોજવી અશક્ય છે : સીબીએસઈ

નવીદિલ્હી,તા. ૧૮

સુપ્રીમ કોર્ટે આજે વર્ષ ૨૦૧૫-૧૬ માટે ઓલ ઈન્ડિયા પ્રિ મેડિકલ એન્ટ્રન્સ ટેસ્ટ (એઆઈપીએમટી) ફરી યોજવા વધુ સમયની માંગ કરતી સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરવા સહમત થઈ ગઈ હતી. આ મામલામાં આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. સીબીએસઈ દ્વારા સુપ્રીમ કોર્ટમાં ધારદાર દલીલો કરવામાં આવી હતી અને કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ મુજબ ચાર સપ્તાહમાં પરીક્ષા યોજવાની બાબત શક્ય દેખાતી નથી. જસ્ટિસ આરકે અગ્રવાલ અને એએમ સપ્રેની બનેલી બેંચે સીબીએસઈની અરજી હાથ ધરી હતી. સોલીસીટર જનરલ રણજીત કુમારે તેની સમક્ષ આ મામલાનો ઉલ્લેખ કર્યો હતો. કુમારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા સમય માળખાની અંદર પરીક્ષા યોજવાની બાબત અશક્ય દેખાઈ રહી છે. એમણે એમ પણ કહ્યું હતું કે, સીબીએસઈ એક સાથે સાત પરીક્ષા યોજવામાં કામથી વધારે પડતા બોજમાં હતી. નવેસરથી આ પરીક્ષા લેવા માટે ઓછામાં ઓછા ત્રણ મહિનાના સમયની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રિમ કોર્ટે ૧૫મી જૂનના દિવસે એક મોટો ફેંસલો આપતા એઆઈપીએમટી-૨૦૧૫ને રદ કરવાનો આદેશ આપ્યો હતો. સાથે સાથે ચાર સપ્તાહમાં દેશભરમાં ફરી પરીક્ષા લેવાનો આદેશ કર્યો હતો. જુદા જુદા સેન્ટરો પર મોટા પાયે ગેરરિતી પરીક્ષા દરમિયાન સપાટી પર આવી હતી. સુપ્રીમના આદેશનો મતલબ એ થયો હતો કે આશરે ૬.૩ લાખ વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપવી પડશે. દેશભરમાં મેડિકલ કોલેજોમાં એમબીબીએસ કોર્સમાં પ્રવેશ માટે સીબીએસઈ દ્વારા આ પરીક્ષા લેવામાં આવે છે. આરકે અગ્રવાલ અને અમિતવા રોયની બનેલી બેંચે ચાર સપ્તાહની અંદર નવેસરથી ટેસ્ટ લેવા સીબીએસઈને આદેશ કર્યો હતો. એઆઈપીએમટીને રદ કરવાના સુપ્રીમ કોર્ટના આદેશથી લાખો વિદ્યાર્થીઓને નવેસરથી ટેસ્ટ માટે જોડાઈ જવાની ફરજ પડી છે. કોર્ટે દેશભરમાં પરીક્ષા લેવાઈ ત્યારે ગેરરીતીઓ સપાટી પર આવી હોવાની બાબતની ગંભીર નોંધ લીધી હતી. પરીક્ષાવર્ગની અંદર ઘણા વિદ્યાર્થીઓ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ પણ લઈ ગયા હતા. બહારથી આ ડિવાઈસ ઉપર તેમને તમામ પ્રશ્નોના જવાબ મળી ગયા હતા.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસને ઐતિહાસિક બનાવવા તૈયારી

# યોગ દિવસ : સઘન સુરક્ષા માટે ઓપરેશન ડોગા શરૂ

### યોગ દિવસના દિવસે ઐતિહાસિક રાજપથ ખાતે ૪૦ હજારથી વધારે લોકો એકત્રિત થશે : પ્રજાસત્તાક જેવી તૈયારી

નવી દિલ્હી,તા. ૧૮

આંતરરાષ્ટ્રીય યોગ દિવસને સફળ અને ઐતિહાસિક બનાવવા માટે મોદી સરકારે કમર કસી લીધી છે. વિવિધ રાજ્યોમાં પણ યોગ દિવસને શાનદારરીતે મનાવવા માટેની તૈયારી જોરદારરીતે ચાલી રહી છે. બીજી બાજુ ઐતિહાસિક રાજપથ ખાતે આયોજિત મુખ્ય કાર્યક્રમમાં લોકોની સુરક્ષા માટે હવે ઓપરેશન ડોગા નામથી નવુ ઓપરેશન હાથ ધરવામા આવ્યું છે. ઓપરેશન ડોગા નામ ગણતરીપૂર્વક રાખવામાં આવ્યું છે. કારણ કે આ નામ ડોગ અને યોગ પરથી રાખવામાં આવ્યું છે. અર્ધલશ્કરી દળ આઈટીબીપીના શોધખોળમાં કુશળ અને તાલીમ પામેલા ડોગની ટીમ પણ આમાં સામેલ કરવામાં આવનાર છે. મુખ્ય સ્થળ રાષ્ટ્રીય પાટનગરની વચ્ચે વચ છે. ઈન્ડિયા ગેટ અને રાજપથ વચ્ચે સ્થળ છે. જેથી તમામ તૈયારી કરવામાં આવી છે. રાજપથ ખાતે ૪૦ હજારથી વધારે લોકો એકત્રિત થનાર છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બોલિવુડની કેટલીક હસ્તીઓ પણ સામેલ છે. રાજપથ ખાતે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. દિલ્હી હમેંશા ત્રાસવાદીઓના હિટ લિસ્ટમાં રહે છે. આવી સ્થિતીમાં મોટી સંખ્યામાં લોકો હોવાથી ખતરો વધી જાય છે. જેથી દિલ્હી પોલીસ અને સુરક્ષા સંસ્થાઓ દ્વારા પહેલાથી જ તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવાઈ રહ્યા છે.

આ ઉપરાંત કોઈ અરાજકતા ન સર્જાય તે માટે પણ પગલા લેવાઈ રહ્યા છે. વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ૨૧મી જુનને મનાવવા માટે સંયુક્ત રાષ્ટ્રે મંજૂરી આપી દીધા બાદ ભારતની મોટી સફળતા છે. જેથી હવે દેશભરમાં પણ આની ઉજવણી કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજપથ ઉપર યોગ દિવસે પોતે ઉપસ્થિત રહેનાર છે અને યોગમાં ભાગ પણ લેનાર છે. આવી સ્થિતિમાં દૂરદર્શને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસારણ માટે ભવ્ય તૈયારીઓ હાથ ધરી છે. જે રીતે પ્રજાસત્તાકદિવસની ઉજવણીની ભવ્ય તૈયારી કરવામાં આવે છે અને પ્રસારણ કરવામાં આવે છે તે જ રીતે ઐતિહાસિક રાજપથ ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગદિવસના કાર્યક્રમના પ્રસારણ માટે દૂરદર્શને કમર કસી લીધી છે. ૨૧મી જૂનના દિવસે કાર્યક્રમના પ્રસારણ માટે દૂરદર્શન ૨૦થી વધુ હાઈડેફિનેશન કેમેરાઓ ગોઠવવાની તૈયારીમાં છે. યોગા દિવસના દિવસે શાનદાર પ્રસારણ માટે બે કેમેરાઓ ઈન્ડિયાગેટ ખાતે ટોપ પર મૂકવામાં આવશે જ્યારે અન્ય કેમેરાઓ ખૂબજ ઊંચી સપાટી પર મુકાશે જેથી ઈન્ડિયાગેટથી વિજય ચોક સુધીના સમગ્ર રાજપથ ઉપર આયોજિત કાર્યક્રમ પર ખૂબજ ઝિણવટભરી નજર રાખી શકાય અને પ્રસારણ સમગ્ર વિશ્વમાં શાનદારરીતે પહોંચે. મોદી સરકાર યોગા દિવસના કાર્યક્રમને સફળ બનાવવા માટે કમસકસ ચુકી છે. રાજપથ પર આયોજિત કાર્યક્રમમાં રેકોર્ડ સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. આશરે ૧૮ કેમેરાઓ મુખ્યસ્ટેજને કવર કરશે. ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સાથે સંબંધિત શ્રેણીબદ્ધ કાર્યક્રમો યોજવામાં આવશે સાથે સાથે રાજપથ કાર્યક્રમના જીવંત પ્રસારણની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. આયુષ્ય મંત્રાલય દ્વારા આ વિસ્તારમાં કેટલાક એલઈડી સ્ક્રીન ગોઠવાશે જેના માટે દૂરદર્શન સિગ્નલ ઉપલબ્ધ કરાવશે. સ્વતંત્રતા દિવસ, પ્રજાસત્તાક દિવસ, કોમનવેલ્થ ગેમ્સની જેમ જ આની તૈયારી કરવામાં આવી છે.



# મોદી ઈફેક્ટ : ૧૧૩ ભારતીય માછીમાર જેલથી મુક્ત કરાયા

નવીદિલ્હી,તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને રમઝાનના પવિત્ર મહિનાની શરૂઆત થાય તે પહેલા ફોન કરીને શુભેચ્છા આપ્યા બાદ પાકિસ્તાને આજે ૧૧૩ ભારતીય માછીમારોને છોડી મુક્યા હતા. આ ભારતીય માછીમારો પાકિસ્તાની જેલમાં હતા. બંને દેશો વચ્ચે શાબ્દિક યુદ્ધનો દોર થોડાક સમય સુધી ચાલ્યા બાદ હવે સંબંધો સામાન્ય બની ગયા છે. ડેપ્યુટી જેલ સુપ્રિટેન્ડેન્ટ એમ હુસૈને માહિતી આપતા કહ્યું છે કે, ઈસ્લામાબાદ તરફથી અમને એવા આદેશ મળ્યા છે કે, માછીમારોને માલીર જેલમાંથી છોડી મુકવામાં આવે. આવતીકાલથી શરૂ થઈ રહેલા રમઝાનના પવિત્ર મહિનાના પ્રસંગે પાકિસ્તાને આ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ૧૧૩ ભારતીય માછીમારો કારાફોરમ એક્સપ્રેસથી પહેલા લાહોર જશે અને ત્યારબાદ આવતીકાલે વાઘા સરહદ ઉપર ભારતીય માછીમારોને ભારતીય સત્તાવાળાઓને સોંપવામાં આવશે. તેમની મુક્તિ અંગે પાકિસ્તાન ફીશરફોક ફોરમ અને જેલ સત્તાવાળોએ પણ કેટલીક રજૂઆત કરી છે. ભારતીય માછીમારોને છોડી મુકવાનો નિર્ણય કરાયો છે. ૧૬મી જૂનના દિવસે મોદીએ નવાઝ શરીફને ફોન કરીને રમઝાનના પ્રસંગે તેમને શુભેચ્છા આપી હતી અને સાથે સાથે શાંતિપૂર્ણ અને મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધોની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. ટેલિફોનિક વાતચીતમાં મોદીએ એમ પણ કહ્યું હતું કે રમઝાનના પ્રસંગે અટકાયતમાં લેવામાં આવેલા પાકિસ્તાની માછીમારોને છોડી મુકવાનો ભારતે નિર્ણય કર્યો છે.

બંને દેશો વચ્ચે તંગદિલીને હળવી કરવાના પ્રયાસ તરીકે આને જોવામાં આવે છે. પાકિસ્તાન અને ભારત શાબ્દિક યુદ્ધમાં વ્યસ્ત રહ્યા છે. ભારત અને પાકિસ્તાન વારંવાર એક બીજાના માછીમારોને પકડી લે છે. ગયા ફેબ્રુઆરી મહિનામાં આશરે ૧૭૨ ભારતીય માછીમારોને માલીર જેલમાંથી છોડવામાં આવ્યા હતા.

## રેલ્વેના ખાનગીકરણનો કોઈ પ્રશ્ન નથી : પ્રભુની જાહેરાત

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્રિય રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ફરીએકવાર એવા અહેવાલને રદિયો આપ્યો છે કે સરકાર રેલવેના ખાનગીકરણની દિશામાં વધી રહી છે. તેમણે ખાતરી આપતા કહ્યું છે કે રેલવેના ખાનગીકરણની કોઈ પણ યોજના નથી. રેલવેના નેટવર્કની ક્ષમતાને સુધારવા અને રેલવેને વધારે યાત્રીલક્ષી બનાવવા માટે સતત સારા પગલા લેવામાં આવી રહ્યા છે. નિતી આયોગના સભ્ય વિવેક દેબરોયના નેતૃત્વમાં પેનલે હાલમાં રેલવેની સ્થિતીને સુધારવા માટે કેટલાક નવા પગલા અને સુચન કર્યા હતા. જેમાં ખાનગીકરણની વાત પણ કરવામાં આવી હતી. આ પેનલે કહ્યું હતું કે રેલવે નેટવર્કના કેટલાક ક્ષેત્રોમાં ખાનગીકરણની દિશામાં આગળ વધવાની જરૂર છે. આ પેનલે આલગ રેલવે બજેટની પ્રથાને રદ કરવાની માંગ પણ કરી હતી. જો કે રેલવે યુનિયનો દ્વારા આ પેનલ દ્વારા કરવામાં આવેલી ભલામણો સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે અને કહ્યુ છે કે જો રેલવે પ્રધાન સુરેશ પ્રભુ આ ભલામણ સ્વીકારી લેશે તો દેશભરમાં આંદોલન કરવામાં આવશે. બીજી બાજુ સુરેશ પ્રભુએ કહ્યું છે કે પેનલની ભલામણમાં હજુ સુધી ધ્યાન આપવામાં આવ્યું નથી. જો કે પેનલ દ્વારા કરવામાં આવેલા કેટલાક સારા અને હકારાત્મક પગલા તરફ ચોક્કસ પણે ધ્યાન આપવામાં આવનાર છે. પ્રભુએ ખાતરી આપતા કહ્યું હતું કે રેલવેમાં ફંડની કોઈ કમી નથી. જો જરૂર પડશે તો ચોક્કસફણ નાણાંનો યોગ્ય ઉપયોગ કરવામાં આવશે. જરૂરીયાતવાળા ક્ષેત્રમાં નાણાંનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો છે.

# ઈસરોના બે ટકા એન્જિનિયરો આઈઆઈટી-એનઆઈટીના

નવી દિલ્હી,તા. ૧૮

તાજેતરમાં જ કરવામાં આવેલી આરટીઆઈ અરજીના જવાબમાં દાવો કરવામાં આવ્યો છે કે અંતરિક્ષના ક્ષેત્રમાં ઈસરોએ એકપછી એક નવા ઈતિહાસ સર્જયા છે. પરંતુ સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે ઈસરોના માત્ર બે ટકા એન્જિનિયરો જ આઈઆઈટી જેવી અગ્રણી સંસ્થાઓ અને એનઆઈટીના છે. માત્ર બે ટકા ગ્રેજુએટ જ આ સંસ્થામાંથી સામેલ થયા છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈસરોના માત્ર બે ટકા કર્મચારીઓ જ આઈઆઈટી અનો એનઆઈટીમાંથી નિકળેલા છે. સેટેલાઈટ લોંચ અને અન્ય અનેક સિદ્ધી ઈસરોના વૈજ્ઞાનિકો મેળવી રહ્યા છે. અમેરિકી અંતરિક્ષ સંસ્થા નાસા દ્વારા પણ તેની પ્રશંસા થઈ રહી છે. ઈસરોને અગ્રણી સંસ્થાઓના કુશળ લોકોની જરૂર છે તેમ કેટલાક નિષ્ણાંત માને છે પરંતુ આરટીઆઈ અરજીના જવાબમાં જાણવા મળ્યું છે કે માત્ર બે ટકા એન્જિનિયરો અગ્રેણી સંસ્થાના છે. વિક્રમ સારાભાઈ સ્પેશે સેન્ટરના વરિષ્ઠ અધિકારી વી. અદિમુર્થીએ કહ્યું હતું કે અન્ય ક્ષેત્રોમાં પણ ઓછા વિદ્યાર્થીઓ પહોંચ રહ્યા છે. રોડ, રેલવેમાં પણ કુશળ સંસ્થાઓના એન્જિનિયરો ઓછા છે. જો કે ઈસરોની સેન્ટ્રાલાઈઝ ભરતી વ્યવસ્થા અન્યો કરતા અલગ રહી નથી. અનેક પાસા પર વિચારણા કરવામાં આવી રહી છે. ઈસરોના ચેરમેન કે. રાધાકૃષ્ણને કહ્યું છે કે ઈસરોને ટોપરની અરજી મળી રહી છે. અમને કેટલાક ખુબ હોશિયાર વિદ્યાર્થીઓ મળ્યા છે. જે ઈસરોને નવી ઉંચાઈ પર લઈ જશે. વિક્રમ સારાબાઈ સ્પેસ સેન્ટરમાં કુલ સ્ટાફ ૪૪૮૬ છે જે પૈકી આઈઆઈટીએસ અને નીટમાંથી માત્ર ૪૩ લોકો છે. આવી જ રીતે સ્પેશ એપ્લીકેશનમાં ૧૧૮૩ લોકો ચે જે પૈકી ૧૪૪ આઈઆઈટી અને નીટના છે. નેશનલ રિમોટ સેન્સિંગમાં ૮૬૪ કર્મચારીઓ છે જે પૈકી આઈઆઈટી અને નીટના માત્ર બે છે. જે દર્શાવે છે કે ટોપ સંસ્થાઓના એન્જિનિયરો ખુબ ઓછો છે.